## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૦/૦૯/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** સપ્તાહ પારીવારિક કામ પૂર્ણ કરવા તેમજ કુટુંબ સમાજ વગેરેમાં નવા સંબંધો બનાવવા માટે અનુકુળ રહેશે. ઘરમાં નાના સભ્યોના વિવાહ, નોકરી કે અન્ય કામને લઈને પ્રગતિ અને નવી તકથી ઉત્સાહમય વાતાવરણ રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરી અને નવો વેપાર ધંધામાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. વિદેશના કામ તથા ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઊ):** ચાલુ વીકમાં નોકરીમાં નવી ટેકનોલોજી અને સાથે મળીને કામ કરવાની તક મળે. નવું શિખવા મળે. પોતાની કુશળતાનો પ્રભાવ જોવા મળે. ઊપરી વર્ગનો સાથ મળે. વિજાતિય આવેગ સતાવશે. મનની ચંચળતા પર કાબુ રાખવો. ભાગીદારીના કામ પાર પડશે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદેશનો કામમાં ગતિ આવે. આવક વધારવાની તક મળે. ગૂઢ વિદ્યા અને અધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ જાગે. ઉઘરાણી આવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ):** ચાલુ સપ્તાહ તમારી બુદ્ધિ શક્તિ અને વ્યવહાર કુશળતાનો પરિચય કરાવવામાં મદદરૂપ સાબિત થશે. નવા કામ પાર પડે. આર્થિક પ્રગતિ થાય. સામાજીક કામ તથા સંતાનોની સમસ્યાનો અનુભવ વધશે. નવા રચનાત્મક કામ પાર પડશે. નોકરી-ધંધામાં સફળતા મળે નવા વિચારોથી કાર્ય પાર પડવાનો આનંદ મળે. હરીફોની પીછે હઠ થાય. ઘર-પરિવારમાં તાલમેળ રાખવો. રોજના કામમાં જીવન સાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ):** ચાલુ વીકમાં કરેલાં કામની કદર થાય. નવા ફેરફાર અને નવી જવાબદારીથી રચનાત્મક કામ કરવાની તક મળે. વેપાર-ધંધામાં પ્રગતિ તથા નવા સોદાથી ઉત્સાહ વધશે. આર્થિક પ્રગતિ થાય અને નવા રોકાણથી લાભ થાય. પ્રેમ પ્રકરણ ઉત્સાહ વધારનાર બની રહે. વિદ્યાર્થીઓને નવુ શિખવાની તક મળે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. હરીફાઈમાં બીજાથી આગળ રહેવાનું અને હકારાત્મક પરિણામ મળે.

**સિંહ (મ,ટ):** સપ્તાહ તમારી વ્યવહાર કુશળતા અને વહીવટી સફળતા નવી આત્મ વિશ્વાસ વધારનાર પુરાવાર થશે. પ્રવાસમાં નવું જાણવાનું અને શિખવાનું તથા એવા અનુભવ જીવનમાં નવા રસ્તા ખુલનાર બને શુભ સમાચાર મળે. વધુ પડતો આત્મવિશ્વાસમાં ભુલ થઈ શકે છે. નવા ઘર, મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. ઘરમાં નવો ફેરફાર થાય. સંતાનોના કામમાં મદદ મળે. આવક વધારવાની તક મળે.

**કન્યા (પ,ઠ,ણ):** સપ્તાહ પારીવારિક વેપાર ધંધા અને સંતાનોના ભવિષ્યની યોજના માટે અનુકુળ છે. ખાણી-પીણી મોજ-શોખ અને માર્કેટીંગ તથા ટ્યુશન વગેરેને લગતા કામમાં પ્રગતિ થશે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ પાર પડશે. વેપાર-ધંધામાં નવી તકથી પ્રગતિ થાય. ભાઈ-બહેન-મિત્રોનો સાથ પ્રવાસ, સમાજીક કામ તથા દલાલી જેવા કામમાં મળશે. સંપત્તિના સોદા પાર પડશે. અચાનક પ્રવાસથી લાભ થાય.

**તુલા (ર,ત):** સપ્તાહ તમારા લક્ષને પૂર્ણ કરવા માટે મદદરૂપ રહેશે. નવા કામ મળે. સમાજમાં યસ મળે. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. ઉઘરાણી આવી શકે છે. નવા ભાગીદારીનો કામ અને કુટુંબીક પ્રશ્નો હલ થવાથી રાહત થાય. પરિવારના નાના સભ્યોની પ્રગતિ થાય. તેમની સફળતાનો આનંદ મળે. જીવન સાથી સાથે યાત્રા- પ્રવાસ થાય. પ્રવાસના ધંધામાં લાભ થાય. નવી નોકરીની શક્યતા વધે. આવક વધશે.

**વૃશ્ચિક (ન,ય):** ચાલુ વીકમાં લાગણી અને વધુ પડતાં વ્યવહારુક બનતો સાવધાન રહેવું. નુકસાન થઈ શકે છે. માનસિક ક્રિયાશીલતા કામમાં વિલંબ કરે. પ્રવાસમાં જૂના મિત્રો વગેરેની મુલાકાતથી ઉત્સાહીત બનશો. કોર્ટ- કચેરીમાં સાવધાન. વધુ પડતાં રંગીન અને રસીક તથા ખર્ચાળ બનશો. ઉધારી ટાળવી. લોકોની વાતોમાં રોકાણ કરવા નહી. લોન-લેવામાં ધીરજ રાખવી. વાણી પર કાબુ રાખવો.

**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ નવાં ક્રિએટીવ વિચાર અને રચનાત્મક કાર્યોથી સફળતા સુચવે છે. વેપાર-ધંધામાં આવક વધે. મિત્રો સાથે સામાજીક પ્રવૃત્તિથી યસ મળે. વિદ્યાર્થીઓને સમસ્યાનું સમાધાન મળે. પ્રેમમાં સાથ મળે. વાહન ધીમે હાંકવું. વાદ-વિવાદ અને હરીફોથી દૂર રહેવું. ધાર્મિક યાત્રા થાય. મિલકતને લગતો કામ પાર પડશે. કોઈ નવા કામ કે કોઈ સોદા કરવામાં ઉતાવળ કરવી નહી. મન અશાંત રહે.

**મકર (ખ,જ):** ચાલુ વીકમાં નવા ફેરફાર ઘર, ઓફિસ અને અડોશ-પડોશ તેમજ સમાજ વગેરેમાં જોવા મળે. મન અશાંત રહે. પણ નોકરી-ધંધામાં નવી તકો ઊભી થાય. મોજ-શોખનો ધંધામાં લાભ થાય. હરીફોથી સાવધાન રહેવુ. સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓને હરીફાઈમાં ધીરજ રાખવી. આર્થિક બાબતે નવા રોકાણ લાભ કરતા રહેશે. પ્રવાસમાં સાવધાન રહેવું. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ):** સપ્તાહ કલા, સાહીત્ય, શિક્ષણ, કાયદા કાનુન, લેખન તથા વિદેશને લગતાં કામ માટે અનુકુળ રહેશે. ધાર્મિક પ્રવાસ, ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણ માટે વિદેશની યોજનામાં મદદ મળે. અચાનક શુભ સમાચાર મળે. ધંધામાં નવાં સોદા થાય. જાહેર જીવનમાં પ્રગતિ થાય. મોજ-શોખના ધંધામાં આવક વધશે. વિદ્યાર્થીઓને સફળતા મળે. ઈન્ટરવ્યુમાં ભાગ્યનો સાથ મળે.

**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહ સરકારી કામ, વીલ-વારસા, વીમા-એજન્સીને લગતાં કામ માટે અનુકુળ છે. આરોગ્ય બાબતે સાવધાન રહેવુ. તેમજ ઉધાર લેવા-દેવાનું ટાળવું. ધાર્મિક સતસંગનો આનંદ મળે. વિદેશના કામ થાય. બૌદ્ધિ કામમાં સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું બને. જમીન તથા મકાન અને ઓફિસ વગેરેની ખરીદો માટે તક મળે. વેપાર-ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રભાવ વધે. ગુપ્ત ભય રહે.

## શ્રી નરેન્દ્ર મોદી - તપસ્યા, સાધના, જિજ્ઞાષા અને જ્ઞાનની ભુખે તેમને દૈવી શક્તિ આપી છે

**દેવી** શક્તિ કે કોઈ દિવ્ય આત્માના આશિર્વાદના યોગ પણ તેમની કુંડલીમાં છે



શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ-શનિની મહાદશા અને શુક્રની યુતિ અંતર દશામાં થયો હોવાના કારણે તેમનું બાળપણ અને યુવાન દિશા શૂન્ય અને સંઘર્ષ મય રહ્યું. ચોથાનો માલિક શનિ અને સાતમાના માલિક શુક્રની કર્મસ્થાનમાં યુતિ સિંહ રાશિમાં નાની ઊંમરના વિવાહ અને વિવાહીત જીવનથી અલિપ્ત રહેવાના યોગ બને છે. કર્ક-સિંહ રાશિના શુક્ર શનિ વાળાનું લગ્ન જીવન હોતુ નથી. અથવા લગ્ન જીવન માટે આયોગ અશુભ છે તે શ્રી મોદીજીની કુંડલી પરથી સાબિત થાય છે. તેમનું શરૂઆતનું જીવન અધ્યાત્મ અને સત્યની ખોજ અથવા સન્યાસી બનીને સિદ્ધિ પ્રાપ્ત પાછળની દોટ કે પ્રયાણનું હતુ તે તેમની કુંડલીમાં સપ્ષ્ટ છે. તેમનો પંચમેશ ગુરુ ચોથે પોતાના સ્થાનથી બારમે હોવાથી તેમના વ્યવહાર કે વિચાર ભેદના કારણે માતા-પિતાને તકલીફના યોગ કરે છે અને પિતાના મૃત્યુ પછી જીવનમાં સ્થિરતા આવે તે વાત પણ અહી સાબિત થાય છે. ગુરુ-શનિ- ત્રિકોણ અને કેન્દ્રના માલિકની કેન્દ્રમાં પ્રતિયુતિને જ્યોતિષની ભાષામાં દાર્શનિક યોગ કહેવામાં આવે છે. માટે જ મોદી નાનપણમાં ઘર છોડીને સન્યાસી કે સન્યાસની ખોજમાં નિકળી પડ્યા. પણ સાથે કેન્દ્રના જ માલિક એવા શુક્રની પણ પ્રતિ યુતિ ગુરુ સાથે થાય છે. જે જ્ઞાનની સાધનાની પરમસીમાના યોગ કરે છે. પણ સંસારીક જીવન માટે અશુભ અને અધ્યાત્મના માર્ગ માટે ઉન્નતિ પ્રેરક માનવામાં આવે છે પણ ચોથા-સાતમાં અને આઠમાં સ્થાન પર મંગળની દૃષ્ટિના કારણે તેમની અધ્યાત્મની યાત્રા અધુરી રહી અને કેન્દ્રમાં રહેલ શનિ 36 વર્ષ સુધી સંઘર્ષ-પ્રવાસ, આમતેમ ફરવા અને સાધુ-સંત- મંદિર મઠની મુલાકાતોએ તેમને પૂર્વના કર્મોના ફળ પ્રમાણે અસ્થિર રાખ્યા. પણ તપસ્યા, સાધના, જિજ્ઞાષા અને જ્ઞાનની ભુખે તેમને કંઈક દૈવી શક્તિ આપી.

દેવી શક્તિ કે કોઈ દિવ્ય આત્માના આશિર્વાદના યોગ પણ તેમની કુંડલીમાં છે. મારા અનુભવ અને અનેક એવા લોકોની કુંડલીના અભ્યાસ પછી એવુ ધ્યાનમાં આવ્યું છે કે આઠમાં સ્થાન, આઠમાનાં માલિક, સાથે રાહુ કેતુ- સૂર્ય-મંગળનો યોગ બને છે. તેવા લોકોને કોઈના અંતરની આશિષ તેમના જીવનની દિશા બદલી નાખે છે. આ હકિકત મારા પોતાના જીવનમાં પણ બનેલી છે શ્રી મોદી આઠમાના માલિક બુધ લાભસ્થાનમાં સૂર્ય-કેતુ સાથે છે અને આઠમે-મંગળની દૃષ્ટિ છે. માટે 1961થી 1978 દરમિયાનની દેશના ભ્રમણ દરમિયાન બુધની મહા દશા હતી આજ સમય કોઈ સંત-સમાગમ, મંદિર, મઠ કે જ્ઞાની લોકોના સહસાવસ દરમિયાન કોઈની અંતરની આશિષના કારણે જીવનની દિશા બદલાઈ અને આજ ગાળામાં 1970-72 દરમિયાન પૂર્ણ રૂપથી સંઘમાં સામિલ થયા. 1978થી 1985 સુધીની કેતુની મહાદશામાં અને 36 વર્ષ પછી શનિના કઠોર પરિક્ષામાંથી હુક્ત થયા અને શુક્રની મહાદશા 1985થી 2005 દરમિયાન 07-10-2001માં જ્યારે શુક્રની મહાદશામાં નવેમ્બર 2001 સુધીની શનિની અંતર દશામાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લઈને જનતાના કામ માટે સર્મપિત થઈને રાજકારણમાં જોકે 1985માં કેતુની મહાદશામાં ભારતીય જનતા પક્ષમાં જોડાઈને, જાહેર જીવનની શરૂઆત કરી. કારણ કોઈની શુભ આશિષના ફળની શરૂઆત કરતા ગ્રહોની દશા-અંતરદશા 2005 થી 2011 સૂર્યની મહાદશા જે કેન્દ્રનો માલિક થઈને લાભ સ્થાનમાં ઉત્તમ પૂર્વ જન્મના ફળ આપનાર ગ્રહો સાથે યુતિમાં હોવાથી ઉત્તમ સમય 2011થી 2021 હતો.

હાલમાં વિપરીત રાજયોગ કરતા લગ્નેશ મંગળની મહાદશા 2021થી નવે. 2028 સુધીની ચાલતી દશા, ગોચરના રાહુ-શનિ પ્રતિકુળ ફળ આપે છે. શૂન્ય અંશના મંગળની મહાદશામાં ઓક્ટોબર 2026 સુધી કેતુની અંતર દશા અને તે પછી ડીસે. 2027 સુધી શુક્રની અંતર દશા તેમના માટે પ્રતિકૂળ છે.

શ્રી મોદીની કુંડલીમાં ગુરુ-શુક્ર શનિ, અધ્યાત્મીક, ભૌતિષ અને અનુશાસન કે નૈતિક જવાબદારીના યોગ કરે છે. હાલમાં તેમની આજુ-બાજુનું વાતાવરણ નકારાત્મક શક્તિ કે પરિસ્થિતિથી ઘેરાયેલ છે માટે તેમના પૂર્વના કર્મોનુસાર મળેલ આશીર્વાદની ઊર્જા ક્ષીણ થતી જાય. તેની પ્રતિકૂળ અસર સૌથી પ્રથમ આરોગ્ય પર જોવા મળશે.

**તેમનું શરૂઆતનું જીવન અધ્યાત્મ અને સત્યની ખોજ અથવા સન્યાસી બનીને સિદ્ધિ પ્રાપ્ત પાછળની દોટ કે પ્રયાણનું હતુ તે તેમની કુંડલીમાં સપ્ષ્ટ છે**

# દક્ષિણ ગુજરાતમાં આજે વરસાદનું રેડ એલર્ટ

**રાજ્યમાં** સિઝનનો ૭૭.૮૨ ટકા વરસાદ નોંધાયો

**દક્ષિણ** ગુજરાતમાં સરેરાશ કરતાં ૧૦૮.૩૫ ટકા વરસાદ

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસું ફરી એક વખત આક્રમક બન્યું છે અને આગામી ૨૪ કલાક રાજ્ય માટે ભારે વરસાદની કસોટીરૂપ બની શકે છે. દક્ષિણ છત્તીસગઢ અને દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર સર્જાયેલું લો-પ્રેશર ક્ષેત્ર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હોવાથી સમગ્ર ગુજરાતમાં ચોમાસું સક્રિય બન્યું છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ ઉપરાંત દમણ તથા દાદરા-નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની શક્યતાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે. આ વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ૨૧ સેમીથી વધુ વરસાદ પડવાની સંભાવના છે.

આ સાથે અમદાવાદ, આણંદ, વડોદરા, નર્મદા, તાપી, ડાંગ તથા સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને બોટાદમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

અહીં છૂટાછવાયા સ્થળોએ ૧૨થી ૨૧ સેમી સુધી અતિભારે વરસાદ પડી શકે છે. ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર તેમજ સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં 'યલો એલર્ટ' હેઠળ ૭થી ૧૧ સેમી સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રવિવારે ૨૦૦ જેટલા તાલુકામાં મેઘમહેર, કપરાડા-બરવાળા-વાંસદા ટોપ ૫ર

રવિવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના આશરે ૨૦૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ ૩.૩૫ ઈંચ, બોટાદના બરવાળામાં ૩.૨૭ ઈંચ, નવસારીના વાંસદામાં ૩.૧૯ ઈંચ અને ધરમપુરમાં પણ ૩.૧૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરતના અંબિકા વિસ્તારમાં ૨.૬ ઈંચ, નાના પોંઢામાં ૨.૫૨ ઈંચ, નર્મદાના ગરુડેશ્વરમાં ૨.૫૨ ઈંચ, દાહોદમાં ૨.૩૨ ઈંચ, ખેડામાં ૨.૨૮ ઈંચ, વાપીમાં ૨.૧૭ ઈંચ, પેચરાજીમાં ૨.૧૭ ઈંચ, ડેડિયાપાડામાં ૨.૧૩ ઈંચ, નવસારીમાં ૨.૦૯ ઈંચ અને રાણપુરમાં ૨.૦૫ ઈંચ વરસાદ નોંધાયો હતો.

તેના એક દિવસ અગાઉના ૨૪ કલાકમાં પણ દક્ષિણ ગુજરાતમાં વરસાદે તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું. રાજ્યના ૨૮ જિલ્લાના ૧૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં તાપીના ઉકાઈમાં ૧૧.૮૧ ઈંચ (૩૦૦ મિ.મી.), સુરતના ઉમરપાડામાં ૮.૩૫ ઈંચ (૨૧૨ મિ.મી.), ડાંગના સુબીરમાં ૫.૭૧ ઈંચ, વઘાઈમાં ૫.૬૭ ઈંચ અને સોનગઢમાં ૫.૫૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાજ્યમાં સરેરાશ ૧૮.૯૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ૮૧ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ

ચોમાસું-૨૦૨૬માં અત્યાર સુધી રાજ્યમાં સરેરાશ ૭૦૭.૩૨ મિ.મી. એટલે કે સરેરાશના ૭૭.૮૨ ટકા વરસાદ પડી ચૂક્યો છે. ઝોનવાર જોવામાં આવે તો કચ્છમાં ૨૦.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૭૫ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૭૭.૪૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૭.૧૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૮.૩૫ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ ખરીફ મોસમના સરેરાશ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર સામે અત્યાર સુધીમાં ૯૫.૪૬ ટકા એટલે કે ૮૧ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થઈ ચૂક્યું છે.

### સરદાર સરોવર ૯૩.૭૨ ટકા ભરાયો, ૩૪ ડેમ હાઈ એલર્ટ પર

ભારે વરસાદ વચ્ચે રાજ્યના જળાશયોની સ્થિતિ પણ મહત્ત્વપૂર્ણ બની છે. સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૯૩.૭૨ ટકા ભરાઈ ગયો છે અને તેમાં હાલ ૩,૧૩,૦૯૯ મિલિયન ક્યુબિક ફીટ પાણીનો સંગ્રહ છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૬૫.૪૨ ટકા પાણીનો સંગ્રહ થયો છે. તેમાં ૧૭ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે, જ્યારે ૪૧ ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયેલા છે. પાણીની સ્થિતિને પગલે ૩૪ ડેમ હાઈ એલર્ટ, ૧૧ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ લેવલ પર રાખવામાં આવ્યા છે.

# દુરંતો એક્સપ્રેસમાંથી 21 કિલો પોષડોડાનો જથ્થો ઝડપાયો

**સુરત** સ્ટેશન પર બિનવારસી બેગમાંથી 3.15 લાખનો મુદ્દામાલ જપ્ત

**RPFને** જોતા જ આરોપી ટ્રોલીબેગ મૂકીને નાસી ગયો



સુરત : સુરત રેલવે સ્ટેશન પર મિશન સેફ સ્ટેશન અભિયાન હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હજરત નિઝામુદ્દીનથી એર્નાકુલમ જતી દુરંતો એક્સપ્રેસ ટ્રેનમાંથી 21.050 કિલોગ્રામ પોષડોડાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂપિયા 3,16,750 આંકવામાં આવી છે જેમાં 3,15,750 રૂપિયાના પોષડોડા અને 1,000 રૂપિયાની ટ્રોલીબેગનો સમાવેશ થાય છે.

ઘટનાની વિગત મુજબ તા. 13/09/2026 ના રોજ સવારે 11.14 વાગ્યે ટ્રેન નંબર 12284 હજરત નિઝામુદ્દીન - એર્નાકુલમ દુરંતો એક્સપ્રેસ સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર આવીને ઉભી રહી હતી. તે સમયે ટ્રેનના આગળના ભાગે લિફ્ટ પાસે એક અજાણ્યો ઈસમ લીલા રંગની વજનદાર ટ્રોલીબેગ લઈને જઈ રહ્યો હતો.

રેલવે સુરક્ષા દળને જોતા જ તે શંકાસ્પદ રીતે બેગ બિનવારસી હાલતમાં મૂકીને ભીડનો લાભ લઈ નાસી ગયો હતો.

રેલવેની સંયુક્ત ટીમે બેગનો કબજો લઈ તપાસ કરતા અંદરથી પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરેલો 21 કિલોથી વધુ પોષડોડાનો જથ્થો મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ જથ્થો આંતરરાજ્ય ટ્રેન મારફતે ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયાસ હોવાનું સામે આવ્યું છે અને આરોપી પોતાના આર્થિક લાભ માટે ગેરકાયદેસર રીતે આ માદક પદાર્થ લાવી રહ્યો હતો.

આ મામલે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે અને ફરાર આરોપીને શોધવા CCTV ફૂટેજની તપાસ શરૂ કરાઈ છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### સરહદ પર ડૂબી...

અને ત્રણ મહિલાઓ સામેલ હતાં. નદીમાં તેમની નાવ પલટી ખાઈ જવાથી તેઓ ડૂબી રહ્યા હતા ત્યારે તે તમામનો બચાવી લેવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બીએસએફ એ તાત્કાલિક સ્પીડબોટની મદદથી બચાવ અભિયાન શરૂ કર્યું હતું અને તેમને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

બાંગ્લાદેશી નાગરિકોએ જણાવ્યું હતું કે, તેઓ જોહરપુર ગામના રહેવાસી છે અને બાંગ્લાદેશમાં ચાપાઈ નવાબગંજથી જોહરપુર જઈ રહ્યા હતા, તે દરમિયાન તેમની હોડી અચાનક પલટી ગઈ હતી. જેના કારણે તમામ મુસાફરો નદીમાં પડી ગયા હતા અને પ્રવાહ સાથે વહીને ભારતીય સરહદ તરફ આવી ગયા હતા.

### AI ના વિકાસ...

સમયે કરી છે જ્યારે AI ઉદ્યોગના અગ્રણી ચહેરાઓ વિકાસ માટે વધુ સાવચેતીભર્યા અભિગમનું સમર્થન કરી રહ્યા છે. એન્થ્રોપિકના CEO ડારિયો એમોડેઈએ "વી મસ્ટ પેસ ધ ફ્રન્ટિયર" શીર્ષક વાળા નિબંધમાં ચેતવણી આપી હતી કે તાજેતરના મહિનાઓમાં AI નો વિકાસ ખૂબ ઝડપથી આગળ વધ્યો છે, કારણ કે આગામી પેઢીના AI ની રચનામાં AI સિસ્ટમ્સનો જ વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આકાર લઈ રહેલું આ "રિકર્સિવ સેલ્ફ-ઈમ્પ્રૂવમેન્ટ"નું ચક્ર આખરે આ શક્તિશાળી સિસ્ટમોને સમજવાની અને તેના પર નિયંત્રણ રાખવાની માનવોની ક્ષમતા કરતાં પણ આગળ નીકળી શકે છે.

### બંગાળ સરકારનો 252...

૧૦૦ને કારણ બતાવો નોટિસ મોકલવામાં આવી છે."

રાજ્યના પંચાયતી રાજ મંત્રી દિલીપ ઘોષે જણાવ્યું હતું કે, મદરેસાઓની આસપાસ અનેક વિવાદો રહ્યા છે અને દાવો કર્યો હતો કે ઘણા કિસ્સાઓમાં કથિત કટ્ટરવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ ધરપકડ કરાયેલા લોકો આવી કેટલીક સંસ્થાઓમાં શિક્ષક તરીકે કામ કરતા જોવા મળ્યા હતા.

### ટેકનોલોજી, ખનિજોને...

ટિપ્પણીને બેઈજિંગ માટે પરોક્ષ સંદેશ તરીકે જોવામાં આવી રહી છે

ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી બે દિવસીય બ્રિક્સ સમિટના સમાપન સત્રને સંબોધતા, વડાપ્રધાને વૈશ્વિક સંઘર્ષો અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને સામાન્ય લોકોના જીવન પર પડતી તેની વિપરીત અસરોને ઘટાડવા માટે આ જૂથને સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી. મોદીએ ઉમેર્યું કે ગ્લોબલ સાઉથના વિકાસશીલ દેશોનો બ્રિક્સ પર ભરોસો સતત વધી રહ્યો છે, કારણ કે આ મંચ પર તેમના અવાજને સાંભળવામાં આવે છે, તેમના અનુભવોને મહત્વ આપવામાં આવે છે અને નિર્ણયો લાદવાને બદલે ભાગીદારીથી ઉકેલો શોધવામાં આવે છે. વૈશ્વિક વસ્તીના લગભગ ૪૯.૫ ટકા અને વૈશ્વિક જીડીપીના ૪૦ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતા ૧૧ ઉભરતા અર્થતંત્રોના આ સંગઠનની વાર્ષિક સમિટ લોજિસ્ટિક્સ સપ્લાય ચેઈન, સ્ટાર્ટ-અપ્સ અને ચેપી રોગોના નિયંત્રણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો સાથે સંપન્ન થઈ.

વિશ્વ સામેના પડકારો વિશે વાત કરતા મોદીએ કહ્યું, ટેક્નોલોજી અને મહત્વપૂર્ણ ખનિજોનું શસ્ત્રીકરણ આપણી સહિયારી પ્રગતિમાં બાધા બની શકે છે. તેથી, અમે ટેક્નોલોજી અપનાવવામાં સમાવેશીતા પર ભાર મૂક્યો છે." વડાપ્રધાનની આ ટિપ્પણીઓ એવા સમયે મહત્વપૂર્ણ માનવામાં આવે છે જ્યારે ચીન દ્વારા મહત્વપૂર્ણ ખનિજોની નિકાસ પરના નિયંત્રણો અને ઉચ્ચ તકનીકો શેર કરવામાં તેની અનિચ્છા અંગે વૈશ્વિક ચિંતાઓ વધી રહી છે. ચીનના પ્રમુખ શી જિનપિંગ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સહિતના ટોચના નેતાઓની ઉપસ્થિતિમાં મોદીએ કહ્યું, "આપણે અલગ-અલગ વાસ્તવિકતાઓમાં જીવતા હોઈ શકીએ છીએ, પરંતુ સાથે મળીને આપણે સહયોગ દ્વારા આગળ વધીએ છીએ અને માનવતા માટે કાર્ય કરીએ છીએ. આપણી વિવિધતા આપણી ઓળખ બને, આપણો સહયોગ આપણી પ્રેરણા બને અને આપણી પ્રગતિ સમગ્ર માનવતાની સેવામાં કામ આવે એમ તેમણે કહ્યું હતું.

### વૈશ્વિક પડકારોનો સામનો...

વૃદ્ધિ માટે આ નવી પહેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. જી-7 (G-7) દેશો, યુરોપિયન યુનિયન અને યુકે દ્વારા પશ્ચિમી કંપનીઓ પર રશિયન ક્રૂડ ઓઇલનું પરિવહન કરતા કોઈપણ જહાજનો વીમો ઉતારવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, સિવાય કે તે ઓઇલ ચોક્કસ કિંમત મર્યાદા હેઠળ ખરીદવામાં આવ્યું હોય. વીમા ક્ષેત્ર સંબંધિત આ પ્રતિબંધોએ રશિયાના ક્રૂડ ઓઇલની નિકાસ પર નકારાત્મક અસર પાડી છે.

રશિયન રાષ્ટ્રપતિએ બ્રિક્સ અંતર્ગત આર્થિક વૃદ્ધિ માટે એક સમર્પિત મંચ સ્થાપવા માટે પણ રજૂઆત કરી હતી. બ્રિક્સ શિખર સંમેલનના સમાપન સત્રમાં પુતિને જણાવ્યું હતું કે, "આપણી પાસે મૂડી, શ્રમ અને ટેકનોલોજીની હિલચાલ માટે સ્વતંત્ર માર્ગો છે. વાસ્તવમાં, આપણે બાહ્ય દબાણથી મુક્ત રહીને કાર્ય કરી શકીએ છીએ." તેમણે વધુ વિગતો આપ્યા વિના ઉમેર્યું કે, "અમારી પાસે ભવિષ્ય માટે કેટલીક આશાસ્પદ પહેલો છે, જેમ કે વીમા વ્યવસ્થા ઊભી કરવી અને અનાજ બજાર બનાવવું. આ રશિયાના પ્રસ્તાવો છે, અને અમે તમામ સભ્ય દેશોને તેનો ઉપયોગ કરવા માટે આમંત્રણ આપીએ છીએ."

### ગ્લોબલ સાઉથ...

શાસનનું સંયુક્ત રીતે રક્ષણ કરવું જોઈએ, સાર્વભૌમ સમાનતા, આંતરિક બાબતોમાં અહસ્તક્ષેપ અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ તરફ કામ કરવા સહિતના વૈશ્વિક સંબંધોના મૂળભૂત ધોરણોની રક્ષા કરવી જોઈએ. વૈશ્વિક વસ્તીના લગભગ 49.5 ટકા અને વૈશ્વિક જીડીપીના 40 ટકાનું પ્રતિનિધિત્વ કરતા 11 અગ્રણી ઉભરતા અર્થતંત્રોના સમૂહ - બ્રિક્સની વાર્ષિક સમિટ વર્તમાન પડકારોને પહોંચી વળવા માટે વધુ સારા વૈશ્વિક શાસન અને વેપાર માળખા માટે તમામ અગ્રણી સભ્ય દેશોના આહ્વાન સાથે પૂર્ણ થઈ. હવે ચીન આગામી બ્રિક્સ સમિટનું આયોજન કરશે. ચીનના રાષ્ટ્રપતિએ બ્રિક્સના નેતાઓને 'ગ્લોબલ સાઉથ માટે એકતા દ્વારા તાકાતનો નવો અધ્યાય' લખવા તરફ કામ કરવાનું આહ્વાન કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે "જેની લાઠી તેની ભેંસ"ના તર્કને બહુ પહેલા જ છોડી દેવો જોઈતો હતો.

### પશ્ચિમી પ્રતિબંધો...

દેશો પર નિશાન સાધતા "એકતરફી પ્રતિબંધો"ની પણ આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ પ્રતિબંધો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને લોકોના કલ્યાણ પર સીધી અસર કરી રહ્યા છે. ઈરાની નેતાની આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે તેના થોડા અઠવાડિયા પહેલા જ અમેરિકા દ્વારા ઈરાન પર નવા આર્થિક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જેનાથી બંને પક્ષો વચ્ચે ચાલતી લશ્કરી દુશ્મનાવટ વચ્ચે તેહરાનની નાણાકીય સ્થિતિ પર વધુ દબાણ આવ્યું હતું. ઈરાનના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે બ્રિક્સ હવે માત્ર ઉભરતી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના સહયોગ માટેનું માળખું રહેવાને બદલે એક વધુ સંતુલિત અને સર્વસમાવેશી વિશ્વ માટેની વધતી જતી માંગનું પ્રતીક બની ગયું છે, જેમાં "સત્તાના કોઈ પણ કેન્દ્રને અન્યોનું ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર નથી".

### મોદીએ સાઉથ...

વડાઓ સાથે અનૌપચારિક મુલાકાતો પણ કરી હતી. મોદીએ જેમની સાથે દ્વિપક્ષીય બેઠકો કરી હતી તેમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ, ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સામેલ હતા.

સુરતમાં UPSCની NDA-CDS પરીક્ષા પૂર્ણ

# પ્રથમ સેશનમાં 69% અને બીજામાં 69.3% ઉમેદવારો હાજર રહ્યાં

**ત્રીજા** સેશનમાં 232માંથી 140 ઉમેદવારો હાજર, કુલ મળીને નોંધપાત્ર ગેરહાજરી

સુરતઃ સંરક્ષણ દળોમાં અધિકારી તરીકે કારકિર્દી બનાવવાનું સપનું જોતા યુવાનો માટે આજે સુરતમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ (CDS)-૨ની પરીક્ષા યોજાઈ હતી. સુરત શહેરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં ઉમેદવારોની હાજરીનું પ્રમાણ સેશન પ્રમાણે આશરે ૬૦થી ૭૦ ટકા વચ્ચે રહ્યું હતું.

પરીક્ષા માટે કુલ ૧,૨૪૨ ઉમેદવારો નોંધાયેલા હતા. પ્રથમ સેશનમાં ૮૫૭ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જ્યારે ૩૮૫ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આમ, પ્રથમ સેશનમાં ૬૯ ટકા ઉમેદવારો હાજર અને ૩૧ ટકા ગેરહાજર રહ્યા હતા. બીજા સેશનમાં હાજરીમાં થોડો વધારો જોવા મળ્યો હતો. કુલ ૧,૨૪૨ ઉમેદવારોમાંથી ૮૬૧ ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે ૩૮૧ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. એટલે કે બીજા સેશનમાં ૬૯.૩ ટકા હાજરી અને ૩૦.૭ ટકા ગેરહાજરી નોંધાઈ હતી. આ ઉપરાંત ત્રીજા સેશનમાં કુલ ૨૩૨ ઉમેદવારોમાંથી ૧૪૦ ઉમેદવારોએ પરીક્ષા આપી, જ્યારે ૯૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ સેશનમાં ૬૦.૩ ટકા હાજરી અને ૩૯.૭ ટકા ગેરહાજરી નોંધાઈ હતી. સુરતમાં CDSની પરીક્ષા માટે બે કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. ટી. એન્ડ ટીવી સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ત્રણ સેશન અને સેન્ટ ઝેવિયર્સ ખાતે બે સેશનમાં પરીક્ષા યોજાઈ હતી. CDSના ઉમેદવારોએ સવારે ૯થી ૧૧ વાગ્યા દરમિયાન અંગ્રેજી, બપોરે ૧૨:૩૦થી ૨:૩૦ વાગ્યા દરમિયાન જનરલ નોલેજ અને સાંજે ૪થી ૬ વાગ્યા દરમિયાન એલિમેન્ટરી મેથેમેટિક્સનું પેપર આપ્યું હતું. NDAની પરીક્ષા માટે લૂર્ડ્સ કૉન્વેન્ટ હાઈસ્કૂલ, સી.સી. શાહ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કૂલ અને સંસ્કાર ભારતી વિદ્યાલય સહિત ત્રણ કેન્દ્રો પર વ્યવસ્થા કરવામાં આવી હતી. NDAની પરીક્ષા બે સેશનમાં યોજાઈ હતી. પ્રથમ સેશનમાં સવારે ૧૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મેથેમેટિક્સ, જ્યારે બીજા સેશનમાં બપોરે ૨થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી જનરલ એબિલિટી ટેસ્ટ લેવામાં આવ્યો હતો.

ઉપલબ્ધ આંકડા પ્રમાણે ત્રણેય સેશનની તુલનામાં ત્રીજા સેશનમાં ઉમેદવારોની હાજરી સૌથી ઓછી રહી હતી. ત્રીજા સેશનમાં ૨૩૨માંથી ૧૪૦ ઉમેદવારો એટલે કે ૬૦.૩ ટકા હાજર રહ્યા હતા, જ્યારે ૯૨ એટલે કે ૩૯.૭ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

# પીએમ મોદીની હાજરીમાં ૧ ઓક્ટોબરે એકતાનગરમાં પરેડ

**૧૦** હજાર પોલીસ-અર્ધલશ્કરી જવાનો અને ૪,૭૦૦ કલાકારો દેશની એકતા-વૈવિધ્યનો રંગ ઉજાગર કરશે

ગાંધીનગર : ભારતની એકતા અને અખંડિતતાના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી માટે એકતાનગર સજ્જ થઈ રહ્યું છે. તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ની ઉજવણીમાં ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ યોજાશે. આ પરેડમાં દેશભરના પોલીસ અને અર્ધલશ્કરી દળોના આશરે ૧૦ હજાર જવાનો, વિવિધ રાજ્યોના આશરે ૪,૭૦૦ કલાકારો તથા વિવિધ બેન્ડ ભાગ લેશે. ભારતીય વાયુસેના દ્વારા ફ્લાયપાસ્ટ અને વડાપ્રધાનનું સંબોધન પરેડના મુખ્ય આકર્ષણો રહેશે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને આ વર્ષે વધુ વ્યાપક જનભાગીદારી સાથે જોડવામાં આવી છે. સામાન્ય નાગરિકો પણ રાષ્ટ્રીય એકતા પરેડમાં ઉપસ્થિત રહી આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બની શકશે. નાગરિકો માટે www.rashtriyaektadiwas.com વેબસાઈટ મારફતે નિઃશુલ્ક ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. નોંધણી પ્રક્રિયામાં જરૂરી માહિતી અને દસ્તાવેજો અપલોડ કર્યા બાદ સત્તાધિકારી દ્વારા નોંધાયેલા ઈ-મેઈલ પર કન્ફર્મેશન અથવા પ્રવેશ પાસ મોકલવામાં આવશે. પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને નોંધણી 'વહેલા તે પહેલાં'ના ધોરણે કરવામાં આવશે.

આ વર્ષની પરેડમાં ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોકકલા, પરંપરા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું ભવ્ય નિદર્શન કરવામાં આવશે. પરેડનો પ્રસ્તાવિત રૂટ નર્મદા માતાની પ્રતિમાથી શરૂ થઈ રેપ્લિકા ગાર્ડન, એસઆરપી કોલોની નજીક પૂર્ણ થશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના સીઈઓ અમિત અરોરાએ આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી થવા અપીલ કરી છે.

# જંબુસરમાં બોટ પલટાતાં ડૂબી ગયેલા યુવકનો મૃતદેહ મળ્યો

ભરૂચ : જંબુસર તાલુકાના દહેગામ દરિયાકિનારે એક દર્દનાક દુર્ઘટના સામે આવી હતી. દરિયામાં બોટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાવાને કારણે બોટમાં સવાર 8 લોકો દરિયાના ઊંડા પાણીમાં તણાઈ ગયા હતા. આ દુર્ઘટના બનતા જ આસપાસના સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને સમયસૂચકતા વાપરીને 7 લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. જો કે, આજે દરિયામાંથી જંબુસરના સારોદગામના વતની અક્ષય વાઘેલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ જંબુસર મામલતદાર સહિત સ્થાનિક સરકારી તંત્ર અને એસ.ડી.આર.એફ. (SDRF) ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. SDRF ની ટીમ દ્વારા દરિયાના ઊંડા પાણીમાં સતત બે-ત્રણ દિવસ સુધી સઘન રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સતત ત્રીજા દિવસે દરિયામાં શોધખોળ દરમિયાન લાપતા થયેલા યુવકની ડેડ બોડી મળી આવી હતી.